સારી કામગીરી (તા.૦૨/૦૧/૧૭ થી તા.૦૮/૦૧/૧૭) સુધીની માહિતી નીચે મુજબ છે.




અમરેલી પોલીસ અધિક્ષક શ્રી જગદીશ પટેલ દ્વારા અમરેલી જીલ્લામાં દારૂની બદી દુર કરવા અને દારૂની પ્રવૃતિ કરનાર ઇસમો સામે કડક માં કડક પગલા લેવા જરૂરી સુચના આપી માર્ગદર્શન પુરૂ પાડેલ હોય, જે અનુસંધાને શ્રી.આર.એસ.શર્મા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી.અમરેલીનાઓના સુપરવિઝન તળે તા.૦૧/૦૧/૧૭ ની રાત્રિએ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી. એ.પી.પટેલ તથા એલ.સી.બી. ટીમને બાતમી રાહે હકીકત મળેલ કે બાબુભાઇ આણંદભાઇ જાગાણી, રહે.મોટા દેવળીયા વાળાની માલિકીના બાબરાથી એકાદ કિ.મી. દુર અમરેલી રોડ ઉપર આવેલ ઉમા કોટન ઇન્ડસ્ટ્રીઝના ગોડાઉનમાં પરપ્રાન્ત બનાવટનો ઇંગ્લીશ દારૂનો જથ્થો રાખવામાં આવેલ છે તેવી ચોક્કસ બાતમી મળેલ હોય જે બાતમી આધારે ઉમા કોટન ઇન્ડસ્ટ્રીઝમાં રેઇડ કરતાં પરપ્રાન્તના ઇંગ્લીશ દારૂની પેટી નંગ-૫૭૮, જેમાં દારૂની બોટલ નંગ-૨૫,૬૯૨, જેની કુલ કિંમત.રૂ.૨૭,૭૪,૪૦૦/- નો મુદ્દામાલ મળી આવતાં અને આ ઉમા કોટન ઇન્ડસ્ટ્રીઝ બાબુભાઇ આણંદભાઇ જાગાણીની માલિકીની હોવાનું તપાસ દરમ્યાન જણાઇ આવેલ હોય એલ.સી.બી.એ તેના વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ. તેમજ આ રેઇડ દરમ્યાન કોઇ આરોપી હાજર મળી આવેલ ન હોય આટલો વિપુલ પ્રમાણમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો મંગાવનાર, લાવનાર, હેર-ફેર કરનાર ઇસમોને પકડી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કરેલ છે. અને નવાવર્ષની શરૂઆતમાં પ્રથમ દિવસે જ અમરેલી એલ.સી.બી.એ દારૂબંધીની કડક અમલવારી માટે પ્રસંશનીય કામગીરી કરેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી. જગદીશ પટેલની સુચના અને માર્ગદર્શન મુજબ તેમજ અમરેલી ના.પો.અધિ.શ્રી. આર.એસ.શર્માના સુપરવિઝન તળે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી.એ.પી.પટેલ, તથા એલ.સી.બી. સ્ટાફના અબ્દુલભાઇ સમા, રમેશભાઇ રાજ્યગુરૂ, બલરામભાઇ પરમાર, ધર્મેન્દ્રરાવ પવાર, બાબુભાઇ ડેર, સંજયભાઇ પદમાણી, સાર્દુળભાઇ ભુવા, પ્રફુલ્લભાઇ જાની, વિજયભાઇ ગોહિલ, ગોવિંદભાઇ પરમાર, જગદીશભાઇ

ઝણકાત, વિજયભાઇ વાઢેર, તુષારભાઇ પાંચાણી, ડ્રાઇવર નુરભાઇ સીરમાન, યુવરાજસિંહ ગોહીલ, પ્રતાપભાઇ ડેર વિ.એ કરેલ છે.